આજે ત્રીજી વન ડે : નજર રોહિતના ફોર્મ પર

ન્યુઝીલેન્ડ સામે 2-0ની સરસાઇ ધરાવતું ભારત હવે ત્રીજી મેચ જીતી અજેય સરસાઇ મેળવવા માગશે

હેમિલ્ટનના ફાસ્ટ બોલિંગને મદદરૂપ વાતાવરણ વચ્ચે કેપ્ટન ગીલ સીરિઝ અંકે કરી લેવા માગશે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લીવ પર



» હેમિલ્ટનમાં સતત જોરદાર વરસાદને કારણે ભારતીય ટીમનું નેટ સેશન ધોવાઇ ગયું હતું અને એવું કહેવામાં આવી રહ્યું છે કે મંગળવારે પણ વરસાદ રમતમાં વિક્ષેપ પાડી શકે છે.

હેમિલ્ટન, તા. 9 : પાંચ મેચની વન ડે સીરિઝની આવતીકાલે મંગળવારે અહીં રમાનારી ત્રીજી મેચમાં અનુભવી બેટ્સમેન રોહિત શર્માના ફોર્મ પર સૌની નજર રહેલી છે ત્યારે ભારતીય ટીમ આ વનડે મેચ જીતીને ન્યુઝીલેન્ડ સામેની આ સીરિઝમાં અજેય સરસાઈ મેળવી લેવના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. ફાસ્ટ બોલરોને મદદરૂપ પરિસ્થિતિઓ વચ્ચે ભારતીય ઉપલા ક્રમના બેટ્સમેનો માટે આ મેચ પડકારરૂપ બની શકે છે.

ભારત હાલ 2-0થી આગળ છે. જોકે વિરાટ કોહલીની ઈડન પાર્કની ઈનિંગ્સ સિવાય કેપ્ટન શુભમન ગિલ અને રોહિત શર્મા સહિતના બેટ્સમેનો ફાસ્ટ બોલિંગ સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા છે. કેપ્ટન ગિલ અને વિકેટકીપર કેએલ રાહુલ આગામી ટેસ્ટ સીરિઝ માટે રેડ બોલ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રીત કરવાના હોવાથી સીરિઝની બાકીની બે વનડે મેચો રમવાના નથી. આથી ગીલ માટે આ મેચ જીતવી ખૂબ મહત્વની છે. ગિલ બાદ શ્રેયસ અય્યર બાકીની બે મેચોમાં ટીમનું નેતૃત્વ કરશે.

બીજી તરફ 39 વર્ષીય રોહિત શર્માએ પ્રથમ બે મેચોમાં 0 અને 23 રન કર્યા હોવાથી તેણે બહેતર દેખાવ કરવો પડશે. ન્યુઝીલેન્ડની જમીન પર અત્યાર સુધી બોલરોનું પ્રભુત્વ રહ્યું છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીર અક્ષર પટેલને ક્રમ પાંચ પર મોકલવાના પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરી શકે છે અને કેએલ રાહુલને તક આપી શકે છે. અક્ષર પટેલ ટીમનો એકમાત્ર નિષ્ણાત સ્પિનર છે.

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલિંગ આક્રમણે અર્શદીપ સિંહ અને અંશુલ કંબોજ સહિતના બોલરોના સાથથી શાનદાર પ્રદર્શન કર્યું છે. બીજી બાજુ ન્યુઝીલેન્ડની ટીમ ઈજાઓ અને ખેલાડીઓના ખરાબ ફોર્મથી ઝૂઝી રહી છે. રચિન રવિન્દ્ર અને ડેવોન કોનવે જેવા મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીમાં તેમનું બેટિંગ આક્રમણ નબળું સાબિત થયું છે.

સાઓ પાઉલો ગ્રાન્ડ પ્રિક્સમાં લેન્ડો નોરિસની ભવ્ય જીત

મેક્લારેનના ડ્રાઇવરે પોલ પોઝિશનથી રેસ જીતી, મર્સિડીઝે કન્સ્ટ્રક્ટર્સ ટાઇટલ પોતાના નામે કર્યું

સાત વારનો ચેમ્પિયન હેમિલ્ટન 400 એફ1 રેસમાં ભાગ લેનારો ફર્નાન્ડો ઓલોન્સો પછી બીજો રેસર



સાઓ પાઉલો, તા. 09 (પીટીઆઇ) : મેક્લારેન ટીમના ડ્રાઈવર લેન્ડો નોરિસે ઈન્ટરલાગોસ ખાતે યોજાયેલી વરસાદી સાઓ પાઉલો ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા 1 રેસમાં શાનદાર જીત મેળવી છે. નોરિસે પોલ પોઝિશનથી રેસની શરૂઆત કરી હતી અને 71 માંથી 47 લેપમાં સરસાઈ જાળવી રાખીને બ્રાઝિલમાં સતત બીજી જીત નોંધાવી હતી. આ રેસમાં રેડ બુલના મેક્સ વર્સ્ટેપેન બીજા અને ઈસાક હડજાર ત્રીજા સ્થાને રહ્યા હતા.

બીજી તરફ, મર્સિડીઝ ટીમે 2021 પછી પહેલીવાર પોતાનું નવમું કન્સ્ટ્રક્ટર્સ ટાઇટલ સુરક્ષિત કર્યું છે. મર્સિડીઝના ડ્રાઈવર કિમી એન્ટોનેલી પાંચમા અને જ્યોર્જ રસેલ ચોથા ક્રમે રહ્યા હતા. મર્સિડીઝે કુલ 652 પોઈન્ટ સાથે ફેરાડી પર નિર્ણાયક સરસાઈ મેળવી લીધી છે. રેસ દરમિયાન 21મા સ્થાનેથી શરૂઆત કરનાર મેક્સ વર્સ્ટેપેને આક્રમક પ્રદર્શન કરીને બીજું સ્થાન મેળવ્યું હતું.

સાત વારના ચેમ્પિયન લુઇસ હેમિલ્ટને પોતાની 400મી એફ 1 રેસમાં ભાગ લીધો લઈને ફર્નાન્ડો ઓલોન્સો પછી બીજો રેસર બન્યો હતો. તે નવમા સ્થાને રહ્યો હતો. હોમ ગ્રાઉન્ડ પર રમી રહેલા બ્રાઝિલના ડ્રાઈવર ગ્રેબ્રિએલ બોર્તોલેતો 16મા અને રાફેલ કામરા 20મા સ્થાને ફેંકાયા હતા. હવે પછીની ગ્રાન્ડ પ્રિક્સ રેસ 21 નવેમ્બરે લાસ વેગાસમાં યોજાશે.

શેમ્પેનની બોટલ તૂટતા નોરિસે અન્ય સ્પર્ધકની બોટલમાંથી શેમ્પેન પીધી

પોડિયમ પર જીતની ઉજવણી દરમિયાન લેન્ડો નોરિસ સાથે એક રમુજી ઘટના ઘટી હતી. નોરિસે જેવી પોતાની પરંપરાગત શૈલીમાં ચેમ્પેનની બોટલ જમીન પર પછડાડી કે તરત જ બોટલ હાથમાં જ ફૂટી ગઇ હતી. નોરિસે અન્ય સ્પર્ધકોની બોટલમાંથી ચેમ્પેન પીને ઉજવણી પૂર્ણ કરી હતી.

ત્રીજી બિનસત્તાવાર ટેસ્ટના ત્રીજા દિવસની રમત વરસાદથી ધોવાઈ

ભારત એનો પ્રથમ દાવ 464/5 વિકેટે ડિકલેર, ન્યૂઝીલેન્ડ એનો સ્કોર 36/2

લિંકન (ન્યૂઝીલેન્ડ), તા. 9 : સોમવારે સતત પડેલા વરસાદના કારણે ભારત એ અને ન્યૂઝીલેન્ડ એ વચ્ચેની ત્રીજી અને અંતિમ બિનઅધિકૃત ટેસ્ટ મેચના ત્રીજા દિવસની રમત સંપૂર્ણપણે ધોવાઈ ગઈ હતી. બીજા દિવસની રમતના અંતે ભારત એના 464/5 વિકેટે જાહેર કરેલા વિશાળ સ્કોરના જવાબમાં ન્યૂઝીલેન્ડ એ ટીમે 36 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી.

ભારતના પ્રથમ દાવને ઓપનર યશસ્વી જાઈસ્વાલની (102) પ્રવાસમાં સતત બીજા સદીના ફટકાથી મજબૂતી મળી હતી. આ ઉપરાંત સાઈ સુદર્શન (88), ધ્રુવ જુરેલ (71), તિલક વર્મા (અણનમ 81) અને વોશિંગ્ટન સુંદરે (અણનમ 50) અડધી સદી નોંધાવી હતી. સીરિઝની પ્રથમ બંને બિનઅધિકૃત ટેસ્ટ મેચો ડ્રોમાં પરિણમી હતી.

આ બિનઅધિકૃત ટેસ્ટ સીરિઝ બાદ ન્યૂઝીલેન્ડ સામે યોજાનારી 2 ટેસ્ટ મેચની શ્રેણી પહેલા ભારતીય ઝડપી બોલરો જસપ્રીત બુમરાહ અને પ્રસિદ્ધ ક્રિષ્નાને મેચ પ્રેક્ટિસ મેળવવાની તક આ વરસાદના કારણે છીનવાઈ ગઈ હતી. બુમરાહે બીજા દિવસે દાવ જાહેર થયા બાદ 6 ઓવર ફેંકી હતી જેમાં તેને સફળતા મળી નહોતી, જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણાએ ન્યૂઝીલેન્ડની પડેલી બંને વિકેટો ઝડપી હતી.

ખરાબ ફોર્મના કારણે માર્નસ લાબુશેન ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ ટીમમાંથી બહાર

હજુ સત્તાવાર જાહેરાત નથી થઇ પણ પસંદગી અધ્યક્ષ જ્યોર્જ બેઇલીએ સંકેત આપ્યો કે તે ન્યૂઝીલેન્ડ સામેની સીરિઝ માટે ટીમમાં સ્થાન નહીં જાળવી શકે



પર્થ, તા. 09 : ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા ઓસ્ટ્રેલિયાના માર્નસ લાબુશેનને ટેસ્ટ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. છેલ્લા 17 મહિનામાં આ બીજી વખત છે જ્યારે લાબુશેનને ટેસ્ટ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હોય, આમ તો જો કે સત્તાવાર જાહેરાત નથી થઈ પણ. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેઈલીએ પુષ્ટિ આપી છે કે વર્તમાન નંબર ત્રણ બેટ્સમેન નવ ડિસેમ્બરથી પર્થમાં શરૂ થનારી ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં પોતાનું સ્થાન જાળવી રાખશે નહીં.

બેઈલીએ મીડિયાને જણાવ્યું હતું કે, માર્નસ આગામી ટેસ્ટ સીરિઝ, પ્રથમ ટેસ્ટ અને કદાચ ન્યૂઝીલેન્ડ સામેની આખી સીરિઝ માટે ચોક્કસપણે ટીમની બહાર રહેશે. ટીમમાં તેના સ્થાન વિશે ઘણી અટકળો ચાલી રહી છે, અને તેથી મને લાગે છે કે દરેકને ખબર હોવી જોઈએ કે નિર્ણય શું લેવામાં આવ્યો છે.

માર્નસ લાબુશેન 2023 એશિઝથી સંઘર્ષ કરી રહ્યા છે. તે છેલ્લી સીરિઝ હતી જેમાં લાબુશેને સદી ફટકારી હતી. ગયા વર્ષે કેરેબિયનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ઓસ્ટ્રેલિયાની ત્રણ મેચની ટેસ્ટ સીરિઝમાંથી બહાર થયા પછી, તેણે 10 ટેસ્ટમાં 19 ઈનિંગ્સમાં સરેરાશ 23.66 નો સ્કોર કર્યો છે, જેમાં ફક્ત બે અડધી સદી છે. ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ ટેસ્ટ મેચની સીરિઝ દરમિયાન માર્નસ લાબુશેનનું બેટ શાંત રહ્યું હતું. લાબુશેન ત્રણેય મેચમાં ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો. વધુમાં, લાબુશેન છેલ્લા 49 ઈનિંગ્સથી સદી માટે ઝંખી રહ્યો છે.

અનુસંધાન... પાના પહેલાનું

મારી ઇમિગ્રેશન...

અસંતોષ દર્શાવે છે. ટ્રમ્પે CBS ન્યૂઝના કાર્યક્રમ '60 મિનિટ્સ'માં પ્રશાસનની હકાલપટ્ટી નીતિ વિશેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, ''મને લાગે છે કે તે ખૂબ કઠોર હતી. મને લાગે છે કે કદાચ તે ખૂબ કઠોર હોઈ શકે છે.'' આ ઈન્ટરવ્યુ શુક્રવારે રેકોર્ડ કરવામાં આવ્યો હતો અને રવિવારે સાંજે પ્રસારિત કરવામાં આવ્યો હતો. ઈન્ટરવ્યુ રેકોર્ડ થયાના થોડા સમય બાદ, ટ્રમ્પે ઈમિગ્રેશન સામે મજબૂત વિચારો ધરાવતા સ્ટીફન મિલરને પોતાના ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્ત કર્યા, જેનાથી એવા સવાલો ઉભા થયા કે શું પ્રમુખ તેમના વલણને નોંધપાત્ર રીતે નરમ બનાવશે કે નહીં. ટ્રમ્પ પ્રશાસન દ્વારા અપનાવવામાં આવેલી કઠોર ઈમિગ્રેશન નીતિઓથી સૌથી વધુ અસરગ્રસ્ત લોકોમાં ભારતીય ટેક કામદારો પણ સામેલ હતા. રિપબ્લિકન પક્ષની કારમી હારના કારણો વિશે પૂછવામાં આવતાં, ટ્રમ્પે પરંપરાગત વિશ્લેષણને દોહરાવ્યું કે તે ઈરાન યુદ્ધ અને ગેસના ઊંચા ભાવને કારણે હતી, અને સાથે જ ઇઝરાયેલ પ્રત્યેની દુશ્મનાવટને પણ એક પરિબળ તરીકે ગણાવી. ટ્રમ્પે કહ્યું, ''તેમને યુદ્ધ ગમ્યું નહીં. તેમને એ વાત ન ગમી કે ગેસોલિનના ભાવ વધી ગયા જ્યારે મેં તેને નીચા સ્તરે રાખ્યા હતા. અને ઇઝરાયેલ પ્રત્યે અત્યંત અવિશ્વાસ અને અણગમો છે.''

દિલ્હીમાં દિવાળીએ...

જેમાં સોનિયા વિહારમાં સૌથી ખરાબ ૪૬૩ AQI નોંધાયો હતો, ત્યારબાદ જહાંગીરપુરીમાં ૪૫૦ AQI હતો. રવિવારે શહેરનો સરેરાશ AQI ૩૭૬ પર સ્થિર થયો હતો. દિવાળીની રાત્રે ૧૦ વાગ્યે ડેટા રેકોર્ડ કરનારા ૫૯ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૨૦ સ્ટેશન 'ગંભીર' શ્રેણીમાં, છ 'નબળી' શ્રેણીમાં અને બાકીના ૩૩ 'ખૂબ જ નબળી' શ્રેણીમાં હતા. રવિવારે સાંજે લગભગ ૫-૬ વાગ્યાથી પીતમપુરા, બુરારી, મયૂર વિહાર અને લ્યુટિયન્સ દિલ્હીના ભાગો સહિત વિવિધ વિસ્તારોમાં ફટાકડા ફોડવાની શરૂઆત થઈ ગઈ હતી. જેમ જેમ સાંજ વધતી ગઈ અને ઉજવણીએ વેગ પકડ્યો, તેમ તેમ રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો પર ધુમાડો જમા થવા લાગ્યો હતો. રાતભર ફટાકડા ફૂટવાનું ચાલુ રહેતાં શ્વાસ લેવામાં તકલીફ, વિઝિબિલિટીમાં ઘટાડો અને બળેલા ફટાકડાની તીવ્ર ગંધ આવતી હોવાના અહેવાલો અસંખ્ય વિસ્તારોના રહેવાસીઓએ આપ્યા હતા. રાજધાનીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ(AQI) ૩૭૦ સાથે 'ખૂબ જ નબળી' શ્રેણીમાં રહ્યો હતો અને દિવસ દરમિયાન તે વધુ બગડીને 'ગંભીર' શ્રેણીમાં પહોંચવાની ધારણા છે. બવાના, બુરારી, જહાંગીરપુરી, સોનિયા વિહાર, પંજાબી બાગ, ઓખલા અને રોહિણી સહિતના કેટલાક વિસ્તારોમાં હવાની ગુણવત્તા 'ગંભીર' સ્થિતિમાં રહી હતી. એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમે આગાહી કરી છે કે દિવસ દરમિયાન દિલ્હીની હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં સરી પડે તેવી શક્યતા છે અને આગામી કેટલાક દિવસો સુધી તે જ સ્થિતિમાં રહેશે.

દિલ્હીમાં પાંચ...

નવેમ્બરે, 2022માં 24 ઓક્ટોબરે અને 2021માં 4 નવેમ્બરે હતી. દિવાળીના દિવસે સરેરાશ AQI 2025માં 345, 2024માં 328, 2023માં 218 અને 2022માં 312 રહ્યો હતો, જેની સરખામણીએ 2021માં 382 અને આ વર્ષે 376 નોંધાયો હતો. તહેવાર પછીના દિવસે પણ પ્રદૂષણનું સ્તર ઊંચું રહ્યું હતું. દિવાળી પછીના દિવસનો આખો દિવસનો સરેરાશ AQI 2025માં 351, 2024માં 338, 2023માં 360, 2022માં 302 અને 2021માં 462 હતો.

શેખ હસીનાની...

સંયુક્ત રાષ્ટ્રે આ હિંસામાં લગભગ 1,400 લોકો માર્યા ગયા હોવાનું જણાવ્યું હતું, જોકે હસીનાએ તમામ આરોપો નકારી ટ્રિબ્યુનલના ચુકાદાને પડકાર્યો છે. હસીનાને સત્તા પરથી હટાવાયા બાદ કાર્યવાહક સરકારે ફેબ્રુઆરીમાં ચૂંટણી યોજી હતી, જેમાં તેમની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ મુકાયો હતો અને તારિક રહમાને ભવ્ય જીત મેળવી સત્તા સંભાળી હતી.

ભારત-પાકિસ્તાન...

પાડવામાં આવ્યા હતા. તેઓ યુદ્ધ માટે તૈયાર હતા. પાકિસ્તાનના વડા પ્રધાને કહ્યું હતું કે, 'ટ્રમ્પે 3-5 કરોડ (30-50 મિલિયન) લોકોના જીવ બચાવ્યા છે.' મેં ઘણા યુદ્ધો શાંતિથી ઉકેલ્યા છે.''

કેન્સરની 1,364...

હેલ્થ સર્વિસીઝ (DGHS) દ્વારા રચિત નિષ્ણાત સમિતિએ 17 ઓક્ટોબર 2026ના રોજ પોતાના ભલામણો સબમિટ કરી હતી. તેના આધારે, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળ કાર્યરત 'નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી' દ્વારા 137 કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિનની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. રસાયણ અને ખાતર મંત્રાલયના જણાવ્યા અનુસાર, 8 નવેમ્બર 2026 સુધીમાં દેશની 85 ફાર્માસ્યુટિકલ કંપનીઓએ 121 ડ્રગ્સ અંતર્ગત આવતી 1,364 એન્ટી-કેન્સર દવાઓની સુધારેલી કિંમતો જાહેર કરી દીધી છે. આ સુધારા હેઠળ ખાસ કરીને રાહતના સમાચાર એ છે કે 679 જેટલી બ્રાન્ડ્સના ભાવમાં 50 ટકાથી વધુનો તોતિંગ ઘટાડો નોંધાયો છે, જેમાં સૌથી વધુ કિંમત ઘટાડો 96.45 ટકા સુધીનો જોવા મળ્યો છે.

હવે કેમિસ્ટ શોપ કે હોસ્પિટલની ફાર્મસી વધુ કિંમત વસૂલી શકશે નહીં

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ કેમિસ્ટ શોપ કે હોસ્પિટલની ફાર્મસી હવે સુધારેલી MRP કરતાં વધુ કિંમત વસૂલી શકશે નહીં. ગ્રાહકો દવાઓની સાચી કિંમત જાણવા માટે પેકેટ પર છપાયેલી નવી કિંમત ચકાસી શકે છે અથવા 'ફાર્મા સહી દામ' મોબાઈલ એપ અને NPPAની સત્તાવાર વેબસાઈટ (nppa.gov.in) ની મદદ લઈ શકે છે. જો કોઈ ફાર્મસી વધુ નાણાં વસૂલે અથવા નિયમોનું ઉલ્લંઘન કરે, તો ગ્રાહકો 'ફાર્મા જન સમાધાન' પોર્ટલ પર અથવા NPPAની હેલ્પલાઈન નંબર 1800-111-255 પર પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

આંકડા સાથે...

આરોપ લગાવ્યો હતો. બીજી બાજુ, દિલ્હી સરકારે આક્ષેપ કર્યો છે કે આપ શાસિત પાડોશી રાજ્ય પંજાબે કાવતરું કરીને દિવાળીના ટાણે પરાળ વધુ સળગાવીને દિલ્હીમાં પ્રદૂષણ વધાર્યું છે.

દિલ્હી ડાયરી...

એક આંતરિક યાત્રા છે જેણે તેમના જીવનને ઘડ્યું છે. 'ધ ગાર્ડિયન' સાથેની તેમની વાતચીતની લિંક શેર કરતી વખતે તેમણે લખ્યું, ''વર્ષો સુધી મેં આ યાદો મારી પાસે રાખી હતી. કેટલીક બોલવા માટે ખૂબ જ દુઃખદ હતી, તો કેટલીક ખૂબ જ કિંમતી હતી. 'બિલોંગિંગ'માં મેં આખરે તેને લખી લીધી છે.'' આ શબ્દો એક એવી મહિલાના ખાનગી જીવનની ઝલક છે જેનું જાહેર જીવન સમકાલીન ભારતીય રાજકારણના કેટલાક સૌથી નિર્ણાયક, અશાંત અને દુઃખદ પ્રકરણો સાથે અવિભાજ્ય રીતે જોડાયેલું છે.

કેન્સરની દવાઓ સસ્તી થઈ


કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ મંત્રાલય હેઠળના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇસિંગ ઓથોરિટી (એનપીપીએ) દ્વારા ઓક્ટોબરમાં 137 કેન્સર વિરોધી દવાઓ માટે એમઆરપી પર ટ્રેડ માર્જિન મર્યાદિત કર્યા પછી આ દવાઓની સુધારેલી કિંમતો 9 નવેમ્બરથી અમલમાં આવી છે. આજની તારીખ સુધીમાં 76 ફાર્માસ્યુટિકલ કંપનીઓએ 121 દવાઓને આવરી લેતી 1225 કેન્સર વિરોધી ફોર્મ્યુલેશન માટે સુધારેલ એમઆરપી જાહેર કરી છે. કેન્સર વિરોધી દવાઓની 1031 ફોર્મ્યુલેશનની એમઆરપીમાં ઘટાડો નોંધાયો છે, જેમાં 600 બ્રાન્ડ્સમાં 50 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે અને સૌથી વધુ ઘટાડો 96.45 ટકા સુધી થયો છે. વધુમાં, 137 નિર્ધારિત કેન્સર વિરોધી દવાઓમાંથી 10-15 દવાઓ એવી છે જે ભારતમાં લોન્ચ થવાની બાકી છે. જોકે, ટ્રેડ માર્જિન રેશનલાઇઝેશન (ટીએમઆર) આ દવાઓ પર પણ લાગુ થશે જ્યારે તે લોન્ચ થશે. 9 નવેમ્બરથી અમલમાં આવેલા ભાવ ઘટાડાના પરિણામે, ગ્રાહકોને વાર્ષિક અંદાજે રૂ. 3502.31 કરોડની બચત થશે. નોન-શેડ્યૂલ કેન્સર વિરોધી દવાઓ પર ટીએમઆરએ કેન્સરની સંભાળ માટે આવશ્યક કેન્સર વિરોધી દવાઓની પરવડે તેવી ક્ષમતા અને સુલભતામાં સુધારો કરવાના સરકારના સતત પ્રયાસોમાં લેવાયેલું એક મહત્વપૂર્ણ પગલું છે.

નેશનલ બુક ટ્રસ્ટ બંધારણના અનુચ્છેદ 12 હેઠળ 'રાજ્ય' છેઃ સુપ્રીમ કોર્ટ

નેશનલ બુક ટ્રસ્ટ (એનબીટી) એ બંધારણના અનુચ્છેદ 12 હેઠળ 'રાજ્ય' છે, તેવો સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો છે અને ઉમેર્યું છે કે આ સંસ્થા પર સરકારનું 'ઊંડું અને વ્યાપક' નિયંત્રણ છે. બંધારણનો અનુચ્છેદ 12 ખાસ કરીને મૂળભૂત અધિકારોના હેતુઓ માટે 'રાજ્ય' શબ્દને વ્યાખ્યાયિત કરે છે. પરિણામે, રાજ્યની વ્યાખ્યા હેઠળ આવતી સંસ્થાઓ સામે પોતાના મૂળભૂત અધિકારોના અમલ માટે વ્યક્તિ અદાલત, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવી શકે છે. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેંચે ગત સપ્તાહે એનબીટી, ઇન્ડિયાના ચેરમેન અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી, જેમાં દિલ્હી હાઈકોર્ટની પૂર્ણ બેંચના 2012ના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું છે કે, એનબીટી રાજ્યનું જ એક અંગ છે.

શબ્દગુંફન - ૭૨૯૨

અરવિંદ એસ. મારૂ




આડી ચાવી

૧. પત્ની (૪)
૪. મધ્યે, અંદર (૩)
૬. વાદળાંની ગર્જના અને વીજળી (૪)
૮. ગરજવાળું (૪)
૧૦. ખોટ (૨)
૧૧. આજ્ઞા, મનાઈ (૨)
૧૨. કલ્યાણકારક (૪)
૧૪. વ્યાયામ, અભ્યાસ (૪)
૧૭. ઊંચા કુળનું (૩)
૧૯. નસીબ, ભાગ્ય (૪)
૨૧. નોકરી, સત્તા (૪)
૨૩. સૂર્ય (૪)
૨૪. કંકણ, કડું (૩)
૨૫. અભિપ્રાય (૨)
૨૬. લીન, ડૂબેલું (૪)
૨૭. જાણેલું (૨)
૨૮. દોસ્ત (૩)

ઊભી ચાવી

૧. ભમરો (૨)
૨. રસોડા કે ભંડારનો ઓરડો (૩)
૩. શોધ, ખોળ (૨)
૪. આનંદ, લહેર (૨)
૫. આંટો, ફેરો (૩)
૬. આશરે અઢી કિલોમીટર (૨)
૭. બાબત (૩)
૮. શિવનો સેવક સમુદાય (૨)
૯. ગુપ્તચર, બાતમીદાર (૩)
૧૦. મિજાજ, આવેશ, ધૂન (૨)
૧૧. ગગન, નભ (૩)
૧૨. કલ્યાણ, લાભ (૨)
૧૩. સોનું, કુંદન (૩)
૧૪. ખાંસી (૨)
૧૫. કૃપા દાખવનાર (૩)
૧૬. દુશ્મનાવટ (૨)
૧૮. પ્રકાર, પદ્ધતિ (૪)
૧૯. હોડી (૨)
૨૦. ભીંતપત્ર (૫)
૨૧. અસર, કામમાં આવવાપણું (૪)
૨૨. ગીતની રચના કરનાર (૪)
૨૩. સ્વચ્છ, નિર્મળ (૩)



આજનું પંચાંગ

તા. 12/11/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિઃ સુદ: ત્રીજ: 18:10
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-21 **યોગ :**સુકર્મા
કરણઃ વણિજ **નક્ષત્ર :** જ્યેષ્ઠા: 14:21 સુધી જન્મેલાની જયેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
રાશિઃ વૃશ્ચિક (ન,ય) 14:21 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : મિશ્ર- મંગળ સિંહમા:- 20:22 થી
સુરતમાં સૂર્યોદય : 06:49 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:57
નવકારસી : 07:37
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 30 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 02જો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): અચાનક નોકરીમાં નવી તક મળે. આરોગ્ય સુધરે. સરકારી નોકરિયાતને નવા ફેરફારનો લાભ મળે.
વૃષભ (બ,વ,ઉ,): કેરીયર બાબતે હકારાત્મક પ્રગતિ થાય. રોજના કામમાં રાહત થાય. વેપાર-ધંધાની નવી યોજના બને.
મિથુન (ક,છ,ઘ,): નવી જવાબદારી વધશે. ખર્ચા વધે. આરોગ્ય નરમ રહે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવુ. માતા સાથે વિવાદ થાય.
કર્ક (ડ,હ,): બુદ્ધિ શક્તિથી કામમાં અનુકૂળતા રહે અને નવાં કામની તક મળે. પ્રેમમાં સાથ મળે. મિત્રોનો સાથ મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): ઘર-ઓફિસમાં તમારી વાતોનો પ્રભાવ વધે. નવા ફેરફારથી કામનો બોજ ઘટે. પ્રવાસમાં અશાંતિ વધે.
કન્યા (પ,ઠ,ણ,): પ્રવાસ પર્યટન જેવા કામમાં પ્રગતિ થાય. મિત્રો-પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય.
તુલા (ર,ત,): આર્થિક બાબતે ચોક્કસ બનશો. ઘરમાં અવર-જવર રહે. પારિવારિક પ્રસંગ રિજવાનું બને.
વૃશ્ચિક (ન,ય,): ઉત્સાહનજક પ્રગતિ થાય. મિત્રો સંબંધીઓ સાથે સામાજિક કામ થાય. પરિવાર સાથે પ્રવાસ થાય.
ધન (ભ,ધ,ફ,ઢ,): ગુપ્તભયે સતાવે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય. સંતાનોની ચિંતા સતાવે. અચાનક પ્રવાસ થાય.
મકર (ખ,જ,): નવા મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી.
કુંભ (ગ,સ,શ,ષ,): વેપાર-ધંધામાં નવી તક ઊભી થાય. સમાજમાં માન વધે. આવક વધે. પ્રવાસ થાય.
મીન (દ,ચ,ઝ,થ,): વિદેશના કામમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રા થાય. ઉચ્ચ કક્ષાના લોકોને મળવાનું થાય.

કોઈ પણ સાલમાં 12 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિ-જનક પસાર થશે. નવી નોકરીની તલાશ પૂર્ણ થાય. વેપાર-ધંધામાં નવી યોજના બને. આવક વધે. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. સમાજમાં માન મળે. કુટુંબ-પરિવારની જવાબદારી વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ-જમીનનાં કામમાં વડીલોની મદદ મળે. સ્ત્રી વર્ગ માટે અનુકૂળતાવાળું વર્ષ રહેશે. ટેકનોલોજીનો લાભ મળે. ઈચ્છિત નોકરીની યોજના પાર પડે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી- માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં 03, 12, 21, 30 તારીખે નવા કામ કરવો. જૂન-જુલાઈમાં રવિ-બુધવારે 02,11,20, 29 તારીખે નવા કામ ટાળવો. લાલ રંગનો ઉપયોગ ટાળવો. પીળા જાંબલી- સોનેરી રંગનો ઉપયોગ વધારવો. ગુરુવારના ઉપાય કરતાં રહેવું.

આજનું પંચાંગ

તા. 13/11/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિઃ સુદ: ચોથ: 20:43 - વિનાયક ચતુર્થી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-22 **યોગ :** ધૃતિ
કરણઃ વણિજ **નક્ષત્ર :** મૂળ: 17:17 સુધીમાં જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
રાશિઃ ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : અશુભ-બુધમાર્ગી: 21:25થી શુક્ર માર્ગી: 29:59થી
સુરતમાં સૂર્યોદય : 06:49 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:57
નવકારસી : 07:37
પારસી વર્ષ : 1396 તીર માસનો પ્રથમ રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ આખર માસનો 03જો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : બપોરે 10:30 થી 12:00 સુધી

મેષ (અ,લ,ઇ,): તમારી કામ કરવાની રીત અને નવા વિચારોથી પ્રભાવ વધશે. વાર્ષિક પ્રવાસ થાય. વિદેશને લગતા કામમાં પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ,): કોઇની વાતોમાં આવવું નહી. લેવડ-દેવડમાં સાવધાની રાખવી. શુભ સમાચાર મળે. દેવ દર્શન સત્સંગ થાય. પ્રવાસ થાય.
મિથુન (ક,છ,ઘ,): પરિવારમાં તાલમેળ વધશે. ભાગીદારીના કામ થાય. રોજના કામમાં આવક વધશે. સામાજીક પ્રવૃતિ થાય. જીવનસાથી સાથે પ્રવાસ થાય.
કર્ક (ડ,હ,): વિરોધીઓની પીછેહઠ થાય. કામકાજમાં પ્રભાવ વધવાથી ઉપરીવર્ગનો સાથ મળે. ખાવા-પીવાનુ ધ્યાન રાખવું. ખર્ચ વધશે.
સિંહ (મ,ટ,): બૌધ્ધિક કાર્ય

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સફળ બને. નવા મિત્રો સાથે મનોરંજન થાય. સામાજીક કામમાં જીવન સાથીનો સાથ મળે. મોજશોખ અર્થે પ્રવાસ.
કન્યા (પ,ઠ,ણ,): બુધ્ધિશક્તિ અને વ્યવહાર કુશળતાથી અટકેલાા કામ પાર પડે. નવા ફેરફારથી રાહત થાય. પ્રવાસમાં મિલન મુલાકાત.
તુલા (ર,ત,): કુશળતા વેપાર-ધંધામાં નવી તક ઊભી કરશે. તથા નોકરીમાં પ્રગતિ. મિત્રો સંતાન વગેરેને મદદરૂપ બનશો.
વૃશ્ચિક (ન,ય,): પરિવારના સાથ અને બુદ્ધિ કુશળતાથી કઠીન કામ પાર પડશે. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. પરિવાર સાથે મનોરંજન.
ધન (ભ,ધ,ફ,ઢ,): સહકર્મી મિત્રો પરિવારનાં સાથેના કારણે મહત્વના નિર્ણય લેવાય. તેમજ અટકેલા કામમાં પ્રગતિ થાય. પ્રવાસમાં સાવધાન.
મકર (ખ,જ,): નોકરી-ધંધામાં નવી તક અને નવી જવાબદારીથી કામમાં બોજ વધશે. ધાર્મિક યાત્રા થાય. ખર્ચા વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): પ્રેમમાં સંબંધો મજબુત બને. મિત્રો સાથે મનોરંજન થાય. સંતાન-જીવન સાથીનો કામમાં પ્રગતિ થાય. આવક વધશે.
મીન (દ,ચ,ઝ,થ,): વેપાર-ધંધાથી નવી યોજનામાં વડીલોનો સાથ મળે. નવા કામની શરૂઆત થાય. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.

કોઈ પણ સાલમાં 13 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ દોડધામ અને ચડતી પડતીવાળું પસાર થશે. નોકરી ધંધા-વેપાર-ઉદ્યોગ વગેરેમાં હરીફો વધશે. ટેકનોલોજીનો ઉપયોગ વધે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબત ચડતી પડતી રહે. સરકારી કામ કોર્ટ કચેરીમાં વિલંબથી અશાંતિ અને ખર્ચા વધશે. ઉમર લાયકના વિવાહના ખર્ચા સતાવે. વારસા જાયદાત, જમીન જેવા કામ ધીમો પડે. નવા ઘર, વહન, મકાનની યોજના પાર પડશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં મદદ મળે. સ્ત્રી વર્ગની જવાબદારી અને સંતાનોની સમસ્યા વધે. નોકરી કરતી મહિલાને કાર્યબોજ વધે. પ્રેમ-વિવાહમાં વિઘ્નો આવે. વિદેશના કામ ધીમો પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વડીલો મિત્રોની મદદ આવક વધારવાની યોજનાના મળે. યાત્ર-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇમાં રવિ-સોમ-બુધવારે 04 ,13 ,22 ,31 તારીખે નવા કામ કરવો. નીલા રંગનો ઉપયોગ વધારવોફ નવેમ્બર-ડિસેમ્બરમા શુક્ર, શનિવારે 07 ,16 ,25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતા રહેવું.

આજનું પંચાંગ

તા. 10/11/2026,મંગળવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિઃ સુદ: એકમ: 14:01, કાલયુક્ત સંવત્સર પ્રારંભ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-19 **યોગ :**શોભન
કરણઃ બાવલ **નક્ષત્ર :** વિશાખા: 09:20 પછી અનુરાધા
રાશિઃ વૃશ્ચિક (ન,ય)
દિવસ : મિશ્ર- નૂતન વર્ષારંભ-અભ્યંગ સ્નાન, બુધનો પૂર્વમાં ઉદય
સુરતમાં સૂર્યોદય : 06:47 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:58
નવકારસી : 07:35
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 28 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 29મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે: 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): તમારા ભાગ્યને કુદરતી સાથના સંકેત સાથે નવા વર્ષની શરૂઆત થાય છે. ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય.
વૃષભ (બ,વ,ઉ,): આજના દિવસની શરૂઆતે ઘર-પરિવારમાં શુભ સમાચારથી થાય. વર્ષ દરમિયાન આર્થિક પ્રગતિના સંકેત છે.
મિથુન (ક,છ,ઘ,): સંતાનો તથા જીવન સાથીને લગતાં કામ તેમજ વિદ્યાભ્યાસ અને શેરબજાર, શિક્ષણ, પ્રવાસ વગેરે માટે વર્ષ શુભ રહેશે.
કર્ક (ડ,હ,): નવા વર્ષમાં મહત્વના મનગમતા ફેરફાર નવા, ઘર, વાહન, નોકરીમાં બદલાવ, તેમજ વારસા અને ધંધામાં તક મળવાના સંકેત
સિંહ (મ,ટ,): સંકલ્પપૂર્ણ કરવા તથા આવક વધારવાની

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

યોજના અને વેપાર ઉદ્યોગને સફળ બનાવવા માટે મદદ મળતી રહેવાના સંકેત છે.
કન્યા (પ,ઠ,ણ,): નવા વર્ષની શરૂઆત નવા કામની યોજના, પરિવાર-મિત્રો સાથે આવક વધારવાની યોજના અને પ્રવાસના કામમાં પ્રગતિના સંકેત છે.
તુલા (ર,ત,): વાણી, બૌધ્ધિક કામ, વહીવટી કુશળતા તેમજ પારીવારિક વેપાર ધંધામાં સફળતા મળે. આર્થિક બચતના સંકેતવાળુ વર્ષ.
વૃશ્ચિક (ન,ય,): તમારા નવા અને ક્રિએટીવ વિચારોને અમલમાં મૂકવાની તક તથા નોકરીમાં પ્રગતિ ધંધામાં સફળતાયુક્ત વર્ષની શરૂઆત.
ધન (ભ,ધ,ફ,ઢ,): વિદેશના કામમાં પ્રગતિ અને સરકારી કામ, કોર્ટ કચેરીમાં અનુકૂળતાનું સૂચન કરતુ વર્ષ જીવનમાં અચાનક સફળતાનું સૂચન કરે છે.
મકર (ખ,જ,): નવા વર્ષ દરમિયાન મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવાની તકનું સુચન કરતું વર્ષ આર્થિક અને સામાજિક પ્રગતિ સૂચવે છે. સંતાન ચિંતા રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): અચાનક નવી તકો વર્ષ દરમિયાન નોકરી, ધંધા, સમાજ અને જાહેર જીવનમાં મળતી રહેશે નવા વર્ષમાં નવી યોજના માટે મદદ.
મીન (દ,ચ,ઝ,થ,): ભાગ્યનો સાથ વર્ષ દરમિયાન મળતો રહેવાનું સુચન કરતું નવુ વર્ષ વિદેશના દ્વાર અને અભ્યાસમાં પ્રગતિકારક છે.

કોઈ પણ સાલમાં 10 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ હકારાત્મક અને મહત્ત્વના નવા ફેરફારનું સૂચન કરે છે. નોકરીમાં પ્રમોશન, બદલાવ, સ્થાનફેર કે ઉચ્ચપદ સાથે ટ્રાન્સફર થઈ શકે છે. નવી નોકરી માટેની તકો ઊભી થશે. વેપાર-ધંધામાં નવાં સોદા પાર પડે. તેમજ આવક વધવાથી આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. વારસા, જાયદાત, જમીન અને સામાજીક કામમાં વડીલોની મદદ મળે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઊંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિથી ખુશી થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. વિદેશનો કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. મિત્રોનો સાથ મળતો રહે. હરીફોથી અશાંતિ વધશે. વિવાદોથી માનસિક પીડા વધે. આરોગ્ય નરમ-ગરમ રહેશે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં રવિ-સોમવારે 01, 10, 28 તારીખે નવા કામ કરવાં. સોનેરી રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડીસેમ્બરમાં શનિ - શુક્રવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપોગ ટાળવો. સૂર્યની ઉપાસના કરતાં રહેવું.

આજનું પંચાંગ

તા. 11/11/2026, બુધવાર

વિક્રમ સંવત : 2083 **શાકે :** 1948
વીર સંવત : 2553 **માસ :** કારતક
તિથિઃ સુદ બીજ 15.54, ભાઇબીજ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-20 **યોગ :**અતિગંડ
કરણઃ તૈતિલ **નક્ષત્ર :** અનુરાધા 11.39 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
રાશિઃ વૃશ્ચિક (ન.ય.)
દિવસ : મિશ્ર- યમદ્વિતીયા
સુરતમાં સૂર્યોદય : 06:48 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:57
નવકારસી : 07:36
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 29 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો પ્રથમ રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે:- 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. ખાવા-પીવાથી પાચનતંત્ર પર અસર થાય. પ્રવાસમાં સાવધાન. ગુપ્ત ભય સતાવે.
વૃષભ (બ,વ,ઉ,): સામાજિક અને પારિવારિક સંબંધો મજબૂત બનશે. રોજના કામમાં રાહત રહે. પ્રેમમાં સાથ મળે. સામાજિક કામ થાય.
મિથુન (ક,છ,ઘ,): હરીફો અને ઈર્ષાળુથી સાવધાન રહેવું. વાહન ચલાવવામાં સાવધાન તેમજ પાચનતંત્રની ફરિયાદ રહેશે.
કર્ક (ડ,હ,): નવા મિત્રો અને સામાજિક સંબંધોમાં ભાવનાત્મક રીતે જોડાવાનું બને. લાગણીઓ પર કાબૂ રાખવો. પરિવારમાં અવરજવર વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહેશે. પરિવાર મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. નવા કામની યોજના બને.
કન્યા (પ,ઠ,ણ,): ભાઇ બહેનોને મદદરૂપ બનશો. પ્રવાસ થાય. વિવાદથી બચવું. નોકરીમાં નવા ફેરફારથી રાહત થાય.
તુલા (ર,ત,): ખાણીપીણી અને પાર્ટી, પીકનીકનું આયોજન થાય. ઘરમાં અવરજવર વધે. મિલન મુલાકાતથી ખુશી થાય.
વૃશ્ચિક (ન,ય,): શુભ સમાચાર મળે. મિત્રો સાથે મનોરંજન પ્રવાસ થાય. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહે. વાહન ધીમે હાંકવું.
ધન (ભ,ધ,ફ,ઢ,): ધાર્મિક પ્રવાસ થાય. દાન-પુણ્યથી શાંતિ મળે. ઘર-પરિવારમાં સામાજિક વાતાવરણથી ખુશનુમાનો અનુભવ થાય.
મકર (ખ,જ,): મિત્રો-સ્વજનો સાથે મનોરંજન થાય. સંતાન, જીવનસાથી સાથે પ્રવાસ થાય. કૌટુંબિક વાતાવરણ અનુકૂળ રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): સામાજિક મેળાવડામાં જવાનું બને. ઘરમાં મિલન મુલાકાતજનક વાતાવરણ રહે. વેપાર માટે નવી યોજના બને.
મીન (દ,ચ,ઝ,થ,): જીવનસાથી સાથે ધાર્મિક યાત્રા થાય. પરિવારમાં ખુશીજનક વાતાવરણ રહે. દેવદર્શન થાય. શુભ સમાચાર મળે.

કોઈ પણ સાલમાં 11 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ દોડધામ અને નવા ફેરફાર તથા જવાબદારી વધારવાનું સૂચન કરે છે. નોકરી ધંધામાં ચડતીપડતી રહે. સરકારી નીતિ અને ટેક્નોલોજી પ્રમાણે કામ કરવું પડશે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષાઓ નવી જવાબદારી વધારશે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં વિલંબથી અશાંતિ વધે. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ઘીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, કમાન બાબતે શરૂઆતમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રો, વડીલોનો સાથ મળે. નોકરી ધંધામાં હરીફો સતાવશે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ઘીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં ગુરુ-સોમવારે, 2, 11, 20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં મંગળ, બુધવારે 5, 8 તારીખે નવાં કામ ટાળવાં, ચંદ્રના ઉપાય કરતાં રહેવું.